GJGS020018302016

દાખલ તારીખઃ–૨૦/૧૦/૨૦૧૬
રજીસ્ટર તારીખઃ–૨૦/૧૦/૨૦૧૬
ફેસલ તારીખઃ–૦૬/૦૮/૨૦૨૬
સમયગાળોઃ–**વર્ષ, માસ, દિવસ**
**૦૯–૦૯–૧૭**

---

**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ**

---

**ફોજદારી કેસ નં.૧૨૦૨/૨૦૧૬**
**આંક– 167**

---

**<u>FORM-A</u>**

| **એફ. આઈ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર I 51/2016. |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪, ૫૦૬ (૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪, ૫૦૬ (૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **વિ. એ. પી. પી. શ્રી** | શ્રી જે.એસ.પરમાર |
| **આરોપીઓ** | (૧) શામજી ઉર્ફે શામો ગોવિંદભાઈ ચુડાસમા, ઉ.વ.૩૦,<br>(૨) શાંતિભાઈ પોલાભાઈ ચુડાસમા, ઉ.વ.૨૪, |

| | |
|---|---|
| | (૩) નરેશભાઈ નાથાભાઈ મકવાણા,<br>ઉ.વ.૨૩,<br>રહે. ઉપરોકત તમામ–પ્રભાસપાટણ,<br>આંબેડકરનગર, તા.વેરાવળ, જી. ગીર સોમનાથ. |
| **આરોપીઓ તરફે** | આરોપી નં.૧ તરફે વિ. વ. શ્રી એમ.એમ.બ્લોચ.<br>આરોપી નં.૨, ૩ તરફે વિ.વ.શ્રી આર.જે.ચાંડપા. |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૦૫/૦૪/૨૦૧૬, ક.૧૩.૦૦ |
| **ફરીયાદની તારીખ** | ૦૫/૦૪/૨૦૧૬ |
| **ચાર્જશીટની તારીખ** | ૦૨/૦૯/૨૦૧૬ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૦૮/૧૨/૨૦૧૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૦૮/૧૨/૨૦૧૬ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૩૦/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૬/૦૮/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | સજા |

## –આરોપીની વિગત–

## આરોપીની વિગતઃ–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુર વાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | શામજી ઉર્ફે | તા.૧૫/૦૪/૧૬ | તા.૧૫/૦૪/૧૬ | ભારતીય | સજા | ૩ | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | શામો ગોવિંદભાઈ ચુડાસમા | ના રોજ નામ.સુપ્રીમકોર્ટના આદેશ મુજબ આરોપીને સી.આર.પી.સી. ક.૪૧(૧) મુજબ નોટીસ આપેલ છે અટક કરેલ નથી. | ના રોજ નામ.સુપ્રીમકોર્ટના આદેશ મુજબ આરોપીને સી.આર.પી.સી. ક.૪૧(૧) મુજબ નોટીસ આપેલ છે અટક કરેલ નથી. | દંડ સંહિતાની કલમ– ૪૫૨, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪, ૫૦૬ (૨) તથા જી.પી.એક ટની કલમ– ૧૩૫ | | (ત્રણ) વર્ષની સાદી કેદની સજા તથા પંદર હજાર દંડ | |
| ૦૨ | શાંતિભાઈ પોલાભાઈ ચુડાસમા | " | " | " | " | " | – |
| ૦૩ | નરેશભાઈ નાથાભાઈ મકવાણા | " | " | " | " | " | – |

## FORM–C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષે મૌખિક પુરાવા :–

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | ફરિયાદ પક્ષ મુજબ સાહેદ |
|---|---|---|---|
| ૧ | ૧૨ | સલીમભાઈ મહંમદભાઈ પટણી | પંચસાહેદ |
| ૨ | ૧૪ | ફારૂકભાઈ ચાંદભાઈ કાલવાત | પંચસાહેદ |
| ૩ | ૫૩ | ખીમજીભાઈ દેવાભાઈ ચુડાસમા | સાહેદ |
| ૪ | ૫૯ | કાંતાબેન ખીમજીભાઈ ચુડાસમા | ફરિયાદી |
| ૫ | ૬૬ | કરશનભાઈ દેવાભાઈ ચુડાસમા | સાહેદ |
| ૬ | ૬૭ | દેવજીભાઈ દેવાભાઈ ચુડાસમા | સાહેદ |
| ૭ | ૬૮ | રસીલા રાજશીભાઈ ચુડાસમા | સાહેદ |
| ૮ | ૭૨ | રવિભાઈ ખીમજીભાઈ ચુડાસમા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ૭૩ | દુધીબેન કરશનભાઈ ચુડાસમા | સાહેદ |
| ૧૦ | ૯૪ | ડો.હિમંતલાલ ત્રિકમભાઈ કણસાગરા | મેડીકલ ઓફીસર |
| ૧૧ | ૯૯ | નારણભાઈ દાનાભાઈ પરમાર | ત.ક.અમલદાર |

(બી) **બચાવપક્ષે સાહેદ જો હોય તો :-**

| **સાહેદ નંબર** | **સાહેદનુ નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| - | - | - | - |

(સી) **કોર્ટ સાહેદ જો હોય તો :-**

| **સાહેદ નંબર** | **સાહેદનુ નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| - | - | - | - |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા**

| **નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૧૩ | હથિયાર કબ્જે કર્યા અંગેનું પંચનામું. |
| ૨ | ૬૦ | અસલ ફરિયાદ. |
| ૩ | ૯૫ | સારવાર સર્ટીફીકેટ. |
| ૪ | ૧૦૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો**

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| - | - | - |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| - | - | - |

**મુદ્દામાલની વિગત**

| **અ. નં.** | **મુદ્દામાલની વિગત** |
|---|---|
| ૧. | એક સ્ટીલની પીળા કલરના પ્લાસ્ટીકના હાથાવાળી લંબાઈ આશરે આઠેક ઈંચની છે તે. |

| | |
|---|---|
| ૨. | એક લાકડાનું પાટીયું જેની લંબાઈ આશરે ૧૪ ઈંચની તથા પહોળાઈ આશરે ૪ ઈંચની છે તે. |
| ૩. | એક ડીશમીશ કાળા કલરના હાથાવાળી જેની લંબાઈ ૯ ઈંચ છે તે. |

## **–:: ચુ કા દો ::–**

(૧) ફરિયાદ મુજબ સંક્ષિપ્તમાં ગુનો એવો છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૫/૦૪/૨૦૧૬ ના કલાક ૧૩/૦૦ વાગ્યે પ્રભાસપાટણ આંબેડકર નગરમાં ફરિયાદીના ઘરમાં પ્રવેશ કરી તહોમતદાર નં.૧ નાએ છરીના હાથા વડે ગાલ ઉપર તેમજ તહોમતદાર નં.૨ નાએ લાકડાના પાટીયા વડે ફરિયાદીને માથામાં મારેલ તથા તહોમતદાર નં.૩ નાએ ડીસમીસ વડે જમણા હાથના ફણામાં માર મારી ભુંડી ગાળો આપી ફરિયાદીનાં ઘરની લાદી તથા દરવાજો તોડી નાથી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી  અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪, ૫૦૬ (૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર I 51/2016 થી નોંધવામાં આવેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં, તેઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામેના ગુનાનું તહોમતનામું આંક–૦૫ થી ફરમાવી આંક–૦૬ થી ૦૮ સુધી નિવેદન નોંધતા તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

### **આરોપીનું વિશેષ નિવેદન–ફર્ધર સ્ટેટમેન્ટ (સી.આર.પી.સી.કલમ–૩૧૩):–**

(૩) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો

હોય આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ અને તેમાં ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂમાં લેવામાં આવેલ હોવાનું જણાવી અને તે સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે. અને વિશેષમાં જણાવેલ છે કે, ''અમોએ હાલની ફરિયાદ વાળો કોઈ ગુનો કરેલ નથી, અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે, અમો તદ્દન નિર્દોષ હોય છોડી મુકવા અરજ છે."

**<u>ફરિયાદપક્ષે દલીલ સંક્ષિપ્તમાંઃ-</u>**

(૪) એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરિયાદી કાંતાબેને ફરિયાદને અનુરૂપ સચોટ પુરાવો રજુ કરેલ છે. તેઓની ઉલટતપાસમાં કોઈ શંકાસ્પદ હકીકત બહાર આવેલ નથી. ડોકટર સાહેદ તથા તપાસ કરનાર અધિકારી સહીત અન્ય સાહેદોએ પણ ફરિયાદપક્ષના પુરાવાને સમર્થન આપેલ છે. ફરિયાદની હકીકત સાબીત થયેલ છે. પંચનામા તપાસ કરનાર અધિકારીએ પોતાના મૌખિક પુરાવાથી સમર્થન આપીને પુરવાર કરેલ છે. ફરિયાદીની ઈજાને ડોકટર સાહેદે સમર્થન આપેલ છે. આવી રીતે પ્રોસીકયુશને પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદા મુજબ સજા કરવા વિનંતી કરી છે.

**<u>આરોપીપક્ષે દલીલ સંક્ષિપ્તમાંઃ-</u>**

(૫) આરોપીપક્ષે દલીલ કરી છે કે, ઉલટતપાસમાં ફરિયાદીએ હથિયાર અંગે તથા કયા આરોપીએ મારેલ તે અંગે ગંભીર વિરોધાભાષી પુરાવો રજુ કરેલ છે તેના કારણે ફરિયાદની હકીકતમાં શંકા ઉત્પન્ન થાય છે. અન્ય તમામ સાહેદો ફરિયાદીના સગા છે અને તેઓનો પુરાવો સાંભળેલો પુરાવો હોય પુરાવામાં ગ્રાહય નથી. બનાવ કયા સ્થળે બનેલ તે અંગે કોઈ સચોટ પુરાવો રજુ નથી. થયેલી ઈજા તથા હથિયાર અંગે ફરિયાદ તથા મૌખિક પુરાવામાં અને ડોકટર સાહેદના પુરાવામાં ગંભીર વિરોધાભાષ રેકર્ડ થયા છે. આરોપીઓને ફરિયાદી દ્વારા ખોટી રીતે કેસમાં સંડોવી દેવા ખોટી ફરિયાદ કરી છે. બનાવના

કારણ અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, પ્રોસીકયુશનનો કેસ અને તપાસ શંકાસ્પદ હોય તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૬) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

- **મુદ્દા નં. ૧**–શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૫/૦૪/૨૦૧૬ ના કલાક ૧૩/૦૦ વાગ્યે પ્રભાસપાટણ આંબેડકર નગરમાં ફરિયાદીના ઘરમાં પ્રવેશ કરી તહોમતદાર નં.૧ નાએ છરીના હાથા વડે ગાલ ઉપર તેમજ તહોમતદાર નં.૨ નાએ લાકડાના પાટીયા વડે ફરિયાદીને માથામાં મારેલ તથા તહોમતદાર નં.૩ નાએ ડીસમીસ વડે જમણા હાથના ફણામાં માર મારી ભુંડી ગાળો આપી ફરિયાદીનાં ઘરની લાદી તથા દરવાજો તોડી નાથી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪, ૫૦૬ (૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?
- **મુદ્દા નં. ૨**–શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

- મુદ્દા નં. ૧ **અંશતઃહકારમાં**
- મુદ્દા નં. ૨ **આખરી હુકમ મુજબ.**

(૮) ક્રીમીનલ જયુરીસ્પ્રુડન્સ અને ધી ઈન્ડીયન એવીડન્સ એકટ–૧૮૭૨ ની કલમ–૧૦૧ મુજબ પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ

ડાઉટ પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશનની છે. આ બર્ડન કયારેય આરોપી પર સીફટ થતું નથી.

**–:: કા ર ણો ::–**

**ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૫૨, ૩૨૩**

(૯) ફરિયાદી કાંતાબેનની ફરિયાદ મુજબ બનાવ તેના ઘરમાં બનેલો, તે વખતે તેની દીકરીના દીકરા સાથે તેઓ ઘરે એકલા હતા, ત્યારે આરોપીઓએ આવીને તેઓને મારેલા.

આ આક્ષેપ સાથે જ સદર કલમ–૪૫૨ કે જેમાં આ બનાવ સબંધે ઈજા કરવાની તૈયારી સાથે હાઉસટ્રેસપાસ અંગેનો પુરાવો જરૂરી છે. હાઉસટ્રેસપાસ માટે કલમ–૪૪૨ અને આ કલમ સમજવા માટે કલમ–૪૪૧ ક્રીમીનલ ટ્રેસપાસ સમજવી જરૂરી છે. સામાન્ય શબ્દોમાં જયારે કોઈ વ્યકિત અન્ય વ્યકિતના કબ્જામાં હોય તેવી મિલ્કતમાં ગુનો કરવાના કે ધમકી આપવાના કે ઈન્સલ્ટ કરવાના કે ત્રાસ આપવાના ઈરાદાથી પ્રવેશે છે ત્યારે અથવા કાયદેસર પ્રવેશ પછી ત્યાં ગેરકાયદેસર રીતે રહી અને ગેરકાયદેસર આવી ધમકી, અપમાન કે ત્રાસ આપવાના ઈરાદાથી રહે ત્યારે વ્યકિત ક્રીમીનલ ટ્રેસપાસ કરે છે. અને આવી રીતે પ્રવેશ કરેલ મિલ્કત જયારે ઘર હોય (આ કેસના સંદર્ભે) ત્યારે ક્રીમીનલ ટ્રેસપાસ હાઉસ ટ્રેસપાસ બને છે અને આવો હાઉસ ટ્રેસપાસ કોઈને ઈજા કરવાની તૈયારી સાથે (આ કેસના સંદર્ભે) પ્રવેશે ત્યારે કલમ–૪૫૨ હેઠળનો ગુનો પુર્ણ થાય છે.

કાંતાબેનનો મૌખિક પુરાવો આંક–૫૯ થી રજુ છે. તેમાં તેણીએ ગુનો બને તેવી આક્ષેપિત હકીકતો જણાવેલી છે અને તે સંક્ષિપ્તમાં એવી છે કે, બનાવના દિવસે તેણી તેના દિકરીના દીકરા સાથે એકલી હતી ત્યારે પહેલા શાંતીભાઈ પથ્થરો લઈને આવેલા હતા અને પથ્થરો દરવાજામાં મારેલ હતો, અને તેની સાથે

શામજીભાઈ અને નરેશભાઈ હતા, આરોપી તેના ફળીયા પાડોશી થાય છે, શામજી ગોવિંદના હાથમાં પંચ હતો અને નરેશના હાથમાં ડીસમીસ હતું અને તેઓએ માથાના ભાગે પંચ મારતા લોહી નીકળેલું અને નાકોરી કુટી ગયેલ હતી, આરોપીઓએ તેણીના પાણીયારા હોય તેને બોલાવવા કહેલ પરંતુ તેણીએ કોઈ નથી તેમ કહી જતા રહેવા કહેલ, તો આરોપીઓએ ના પાડેલી અને તેણીને મારવા લાગેલા, અને ઘરની લાદી, કબાટ તોડી નાખેલ, નરેશે તેણીને હાથમાં ડીસમીસ મારેલું અને તેણીને લોહી નીકળતા તેઓ ભાગી ગયેલા.

આ એકમાત્ર ઈજા પામનાર સાહેદની ઉલટતપાસ કરતા આરોપીપક્ષે આરોપીઓની ઓળખ, બનાવની તારીખ, કેટલા વર્ષ પહેલા અને કઈ સાલમાં બનેલ તેને લગતા પ્રશ્નો પુછેલા છે અને તેના જવાબ આરોપીપક્ષની તરફેણમાં છે અને તે એવી રીતે કે ફરિયાદી કાંતાબેન આરોપીઓ તેના સમાજના હોય તેથી ઓળખે છે, બનાવની તારીખ તથા કયા વર્ષે અને કઈ સાલમાં બનેલ તેની ખબર નથી તેમ જણાવે છે.

આરોપીઓને પહેલાથી જ ઓળખે છે તેથી ફરિયાદમાં સંડોવી દીધા છે તેવો એક બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ ફરિયાદમાં કાંતાબેને પ્રથમ થી જ આરોપીઓના નામ સ્પષ્ટ જણાવી તે રીતે ઓળખ જાહેર કરેલી છે અને પોતાના વાસના (એટલે કે વિસ્તારના) હોવાની હકીકત પણ ફરિયાદમાં જણાવી છે. માત્ર આરોપીઓને ફરિયાદી કાંતાબેન પ્રથમ થી ઓળખતા હોવા માત્રથી ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમ કહી શકાય નહી. તે માટે ઉલટતપાસમાં આવી શંકા ઉત્પન્ન થાય તેવો પુરાવો કે સંજોગો નોંધાવા જરૂરી છે. ફરિયાદી બનાવની તારીખ, વર્ષ કે કેટલા વર્ષ પહેલા બનેલ તેની ખબર નથી તેવી હકીકત સ્વીકારે છે. જયારે સરતપાસમાં બનાવ દોઢ પોણા બે વર્ષ પહેલા બનેલો તેવી હકીકત જણાવેલી છે. ફરિયાદ મુજબ બનાવની તારીખ ૦૫/૦૪/૨૦૧૬ ની છે અને તેઓની સરતપાસ

તારીખ ०૯/૧०/૨०૧૯ ના રોજ નોંધાયેલી છે અને ઉલટતપાસ તારીખ ૧૭/૧૧/૨०૨૧ ના રોજ નોંધાયેલી છે. ફરિયાદી મચ્છીનું મજુરીનું કામ કરે છે તે સંજોગોમાં બનાવની તારીખ, વર્ષ અને કેટલા સમય પહેલા બનેલો તેવી હકીકત નહી જણાવી શકવાથી ફરિયાદપક્ષના કેસને વિરૂધ્ધની અસર થતી હોવાનું કહી શકાય નહી કે શંકા થતી હોવાનું કહી શકાય નહી. ખાસ કરીને જયારે બનાવ બન્યા બાદ, ફરિયાદીએ સારવાર લીધી પછી દોઢ કલાકે નોંધાય ચુકયો હોય અને ફરિયાદી એક મજુર અને સ્ત્રી હોય ત્યારે. તે ઉપરાંત ફરિયાદી અને આરોપી વચ્ચે બીજો કોઈ પણ બનાવ બનેલ તેવી કોઈપણ હકીકત રેકર્ડ ઉપર નહી આવી હોય ત્યારે.

આગળ વધુ ઉલટતપાસ કરતા આગળ વધુ ઉલટતપાસ કરતા સ્વતંત્ર સાહેદોના પુરાવા નથી તે અંગેના સવાલો કરી બચાવ લીધેલ છે. અને તેમાં પણ ફરિયાદીએ આજુબાજુમાં ઘણા બધા મકાનો છે, ઘણા લોકો રહે છે તેવી હકીકત સ્વીકારી છે. તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસ દરમ્યાન પણ આવા જ સવાલો કરી સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધા નથી અને માત્ર ફરિયાદીના સગા સબંધીના નિવેદનો લીધા છે તેવા સવાલોનો જવાબ હકારાત્મક આપેલ છે. હા, આ કેસમાં કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવા નથી. પરંતુ તે કારણથી ઈજા પામનાર અને ફરિયાદી કાંતાબેનના પુરાવામાં કે બનાવમાં શંકા થઈ શકે નહી. જો ઈજા પામનાર એકમાત્ર સાહેદ અદાલતને વિશ્વાસ પ્રેરે તેવો અને રીંગ ઓફ ટ્રુથ વાળો ટ્રસ્ટવર્ધી પુરાવો રજુ કરતા હોય અને ડાયરેકટ એવીડન્સનો કેસ હોય ત્યારે સ્વતંત્ર સાહેદોના પુરાવાની જરૂર રહેતી નથી.

આગળ વધુ ઉલટતપાસમાં આરોપી તરફથી ફરિયાદમાં નોંધાવેલ હકીકત કરતા કોર્ટ રૂબરૂના પુરાવામાં વિરોધાભાષી હકીકત જણાવેલી હોય તે અંગેના સવાલો પુછેલા છે. આવા વિરોધાભાષમાં કાંતાબેને ફરિયાદમાં "તે દિવસે મે ઓફ લીધેલો", “તે દિવસે પહેલા

શાંતી પથ્થર લઈને આવેલ પથ્થરો દરવાજામાં મારેલ.", "શામજી ગોવિંદના હાથમાં પંચ હતો." આંક–૬૦ વાળી ફરિયાદ વંચાણે લેતા તેમાં આવા એકઝેટ શબ્દો નથી. પરંતુ આ ફરિયાદનું મીનીંગફુલ રીડીંગ કરતા તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે શાંતી પોલા અને તેની સાથે શામજી અને નરેશ આવેલા, તે વખતે શાંતીના હાથમાં લાકડાના પાટીયાનો ટુકડો, શામજી પાસે ખુલ્લી છરી અને નરેશના હાથમાં લોખંડની ડીસમીસ હતી જે હકીકત આવા ટ્રીવીયલ અને માઈનોર કોન્ટ્રાડીકશન હોવાનું સ્પષ્ટ કરે છે. આવા ટ્રીવીયલ નેચરના કોન્ટ્રાડીકશનથી ફરિયાદીના મુળભુત બનાવની હકીકતના રીંગ ઓફ ટ્રુથ વાળા પુરાવાને અસર થઈ શકે નહી.

હા, કાંતાબેને કોર્ટ રૂબરૂના પોતાના આંક–૫૯ વાળા પુરાવામાં આરોપી પાસે કયા હથિયાર હતા તે હકીકતમાં વિરોધાભાષી પુરાવો જણાવેલ છે. પુરાવામાં આરોપી શામજીના હાથમાં પંચ હતું તેવી હકીકત જણાવેલી છે જયારે ફરિયાદમાં શામજીના હાથમાં ખુલ્લી છરી હોવાની હકીકત જણાવેલી છે તેથી તે ડીસ્ક્રીપન્સી નોંધાય છે. ઉપરાંત ફરિયાદીએ શાંતીભાઈના હાથમાં કોઈ હથિયાર હતું તેની વિગત પુરાવામાં જણાવી નથી પરંતુ ફરિયાદમાં જણાવેલી છે એટલે કે આરોપી શાંતીભાઈ પાસે કોઈ હથિયાર હતું તે હકીકત કાંતાબેનના મૌખિક પુરાવામાં ઓમીટ થઈ છે. જયારે કાંતાબેને નરશીભાઈના હાથમાં ડીસમીસ હતું તેવી હકીકત જણાવેલી છે અને ફરિયાદમાં પણ આરોપી નરશીભાઈના હાથમાં ડીસમીસ હોવાની હકીકત સ્પષ્ટ જણાવેલી છે. ફરિયાદી તેઓને કબ્જે થયેલા મુદ્દામાલ છરી અને પાટીયું ઓળખી શકેલ નથી અને ડીસમીસ પણ ઓળખી શકેલ નથી. સ્વાભાવીક છે કે બનાવ ૨૦૧૬ માં બનેલ હોય અને તેનો પુરાવો સને ૨૦૨૧ માં લેવાયેલ હોય તો આવી ભુલ થઈ શકે. ઉપરાંત કોઈ વ્યકિત હથિયાર ઓળખી શકે તેવી અપેક્ષા પણ રાખી શકાય નહી. કારણ કે હથિયાર અને

ગુનામાં વપરાયેલ સાધનો ઘણી સંખ્યામાં સામાન્ય એકસરખા દેખાવ વાળા હોય છે તેથી આવા હથિયાર તે જ હતા તે ઓળખવાનું અત્યંત મુશ્કેલ કહેવાય. ભલે ફરિયાદીએ અદાલત રૂબરૂના પુરાવામાં આરોપી શાંતીભાઈ અને શામજીભાઈ પાસે કયા હથિયાર હતા તે હકીકત જણાવવામાં ભુલ કરી હોય પરંતુ કાંતાબેને આરોપીઓએ તેને મારેલ અને ઘરની લાદી, કબાટ તોડી નાખેલ અને આરોપી નરેશે માથામાં ડીસમીસ મારેલું તેવી હકીકત સ્પષ્ટ જણાવેલી હોય ત્યારે બનાવની હકીકતો બદલાય ગઈ છે અથવા તો અન્ય આરોપીને સંડોવવા ખોટો પુરાવો આપેલ છે તેવું પણ જણાતું નથી. ફરિયાદીનો આવો પુરાવો આંક-૬૦ વાળી ફરિયાદ કે જે બનાવના દોઢ કલાકની અંદર અને સારવાર બાદ આપેલી તે હકીકતને એકદમ અનુરૂપ, સુસંગત અને વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરેલો હોય ત્યારે. અને બનાવમાં ત્રણ આરોપીઓએ ફરિયાદી ઉપર એક સાથે હુમલો કરેલ હોય તેવી પ્રથમ થી જ બનાવની હકીકત હોય ત્યારે. જયારે આવી રીતે ત્રણ આરોપીઓ એક સ્ત્રી પર હુમલો કરે અને તેના ઘણા વર્ષો પછી તેના પુરાવામાં માત્ર હથિયાર અંગે આવા વિરોધાભાષ આવે તો આવા વિરોધાભાષ ટ્રીવીયલ નેચરના કહેવાય. તેવી જ રીતે ફરિયાદમાં કયા આરોપીએ ફરિયાદી કાંતાબેનને શરીરના કયા અંગ પર ઈજા પહોંચાડેલી તેવી હકીકત સ્પષ્ટ જણાવેલી છે. જયારે પોતાના આંક-૫૯ વાળા મૌખિક પુરાવામાં કે જે પુરાવો આવી રીતે ત્રણ વર્ષ પછી નોંધાયેલ તેમાં નરેશભાઈએ માથામાં પંચ મારેલું અને તે સિવાય આરોપીઓ મારવા લાગેલા તેવી હકીકત જણાવેલી હોય અને દરેક અન્ય બે આરોપીની હકીકત નહી જણાવેલી હોય ત્યારે પણ આવો વિરોધાભાષ ટ્રીવીયલ નેચરનો કહેવાય. કારણ કે ફરિયાદીએ અદાલત રૂબરૂના પોતાના આંક-૫૯ વાળા પુરાવામાં એવી હકીકત તો સ્પષ્ટ જ જણાવી છે કે તેણી ઘરે હતી ત્યારે આરોપી આવેલા, ગોવિંદભાઈએ દરવાજાને પથ્થર મારેલો, નરેશભાઈના હાથમાં પંચ હતું તે માથામાં મારતા તેને લોહી નીકળેલું

અને નાકોરી ફુટી ગયેલી. અને આ હકીકતને આંક–૯૪ થી ડોકટર સાહેદ હિમંતલાલના પુરાવાથી સ્પષ્ટ સમર્થન મળતું હોય ત્યારે તેમાં શંકા થઈ શકે નહી. ડોકટર સાહેદે પણ ફરિયાદીને આંખના નીચે ચકામું હતું અને નશકોરામાંથી લોહી નીકળતું હતું તેવી સમાંતર હકીકત સારવાર વખતે પોતે આપેલા આંક–૯૫ વાળા સર્ટીફીકેટમાં નોંધીને અદાલત રૂબરૂ પણ તેને વળગી રહયા હોય તેવી ચોકકસ બાહય દેખી શકાય તેવી ફરિયાદી કાંતાબેનને થયેલી ઈજાને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલો હોય ત્યારે. આવી ઈજા જાતે થઈ શકી હોય અથવા પડી જવાથી થઈ હોય તેવા કોઈ હાઈપોથીસીસ ફરિયાદીના વિશ્વાસ પ્રેરે અને આધાર રાખી શકાય તેવા પુરાવામાં જણાય નથી. ફરિયાદી કાંતાબેને પોતાના આંક–૫૯ વાળા પુરાવામાં એ હકીકત પણ સ્પષ્ટ જણાવેલી છે કે ઘરની લાદી, કબાટ તોડી નાખેલી અને ત્યાંથી ભાગી ગયેલા અને તેના પહેલા પોતે ઘરમાં એકલા હતા તેવી હકીકત પણ સ્પષ્ટ જણાવેલી છે. જે હકીકત અંગે ફરિયાદીની ઉલટતપાસમાં બનાવ ફરિયાદી કાંતાબેનના ઘરમાં બનેલો તેમાં શંકા થાય તેવી કોઈ હકીકત નોંધાય નથી. એટલે કે ત્રણેય આરોપીઓએ ફરિયાદી કાંતાબેન પોતાના ઘરમાં હતા ત્યારે હુમલો કરેલો તેવી હકીકત અંગે આંક–૬૦ વાળી ફરિયાદના સમર્થનમાં, સુસંગત અને અનુરૂપ અદાલત રૂબરૂ આંક–૫૯ થી પુરાવો રજુ કરેલ છે અને આ પુરાવો આવી રીતે રીંગ ઓફ ટ્રુથ અને ટ્રસ્ટવર્ધી જણાય છે. એકમાત્ર કાંતાબેનના પુરાવા પર પણ આધાર રાખી શકાય તેવો સચોટ અને સ્પષ્ટ પુરાવો કાંતાબેને રજુ કરેલ છે.

ધી ઈન્ડીયન એવીડન્સ એકટ–૧૮૭૨ ની કલમ–૧૩૪ મુજબ કોઈપણ હકીકત પુરવાર કરવા માટે સાક્ષીઓની સંખ્યા જરૂરી નથી અને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સ્થાપિત સિધ્ધાંત મુજબ ઈન્જર્ડ વિટનેસનો પુરાવો ટ્રસ્ટવર્ધી અને અદાલતને વિશ્વાસ પ્રેરે તેવો હોય તો તેના એકલા પર પણ આધાર રાખી શકાય છે.

હા, આ કેસમાં સ્વતંત્ર સાહેદ અને અન્ય કોઈ નજરે જોનાર સાહેદ નથી. ફરિયાદી કાંતાબેનના પતિ ખીમજીભાઈ, કરશનભાઈ, દેવજીભાઈ, રસીલાબેન, રવિભાઈ અને દુધીબેન જેવા સાહેદોનો પુરાવો સાંભળેલો પુરાવો છે. એવો પણ નથી કે બનાવ બાદ તરત જ કાંતાબેન પાસેથી સાંભળેલ હોય અને નિવેદન નોંધાયેલ હોય તેથી તે રીતે આ કોઈપણ સાહેદનો પુરાવો ગુનાહિત આક્ષેપો થાય તેવી આરોપી વિરૂધ્ધની ડાયરેકટ હકીકતને સમર્થનકર્તા નથી. આ સાહેદોનો પુરાવો બનાવ અંગે હિયર સે એવીડન્સ (ધી ઈન્ડીયન એવીડન્સ એકટ–૧૮૭૨ ની કલમ–૬ ના અપવાદમાં નહી પડતો હોય) હોય પુરાવામાં ગ્રાહય નથી.

પરંતુ અગાઉ ચર્ચા કરી તેવી કાયદાકીય સ્થિતિ મુજબ પુરાવો નંબરમાં નહી પરંતુ તેની ગુણવતા આધારે મુલવવાનો છે. અને આ કેસનો પુરાવા અંગે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સ્થાપિત સિધ્ધાંત અત્રે પ્રસ્તુત કરવા જરૂરી છે.

**નામદાર સર્વોચ્ચ અદાલતે અબ્દુલ સઈદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશના** ચુકાદામાં (પેરેગ્રાફ–૨૮) સ્થાપિત કરેલ છે કે કાયદામાં ઈન્જર્ડ વિટનેસનો પુરાવો સ્પેશીયલ સ્ટેટસ ધરાવે છે. તેનું મુખ્ય કારણ એવું છે કે તેને થયેલી ઈજા તેની સ્થળ ઉપર હાજરી દર્શાવે છે અને ખોટી રીતે ત્રીજા પક્ષને સંડોવવા આવા હુમલાવરને તે સજા કર્યા સિવાય જવા દેશે નહી. તેથી ઈજા પામનાર સાહેદની જુબાની ઉપર આધાર રાખવો જ પડે સિવાય કે તેના પુરાવાની અસ્વીકૃતિ કરવા માટે મેજર કોન્ટ્રાડીકશન્સ અને ડીસ્ક્રીપન્સી નોંધાયેલી હોય. **નામદાર સર્વોચ્ચ અદાલતે બાલુ સુદામ ખલદે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** (પેરેગ્રાફ–૨૪) માં ઈજા પામનાર આઈ વીટનેસ અંગે અગાઉના ચુકાદાના સિધ્ધાંતો બહાલ રાખી આગળ વધુ સિધ્ધાંત સ્થાપિત કરેલ છે કે જો ઈન્જર્ડ વિટનેસના પુરાવામાં કોઈ એકઝેગ્રેસન (અતિશયોકિત) અથવા ઈમટીરીયલ

એમ્બ્લીસમેન્ટ નોંધાય તો આવા વિરોધાભાષ, એકઝેગ્રેસન અથવા એમબ્લીસમેન્ટ રદ્દ કરવા જોઈએ, નહી કે આખો પુરાવો, ફરિયાદપક્ષના મુખ્ય વર્જનને ધ્યાને લેવું જોઈએ, સમય જતા જે યાદશકિત ગુમાવવાના કારણે થતી વિસંગતતાઓને કાઢી નાખવી જોઈએ.

આમ, અદાલતના રેકર્ડ ઉપર કાંતાબેને વિશ્વાસપાત્ર, આધારભૂત, પોતાની બનાવ બાદ વાજબી સમયમાં નોંધાવેલી ફરિયાદને અનુરૂપ ચોકકસ અને સ્પષ્ટ પુરાવો રજુ કરેલ હોય અને તે પુરાવા મુજબ ત્રણેય આરોપીઓએ ફરિયાદી ઘરે એકલા હોય ત્યારે આવીને તેના ઘરમાં હુમલો કરીને શરીરે ઈજા પહોંચાડેલી છે. અને આવી રીતે આરોપીઓ આવ્યા ત્યારે આરોપી નરશીભાઈ પાસે પંચ હતું અને અન્ય આરોપીઓ પાસે લાકડાના પાટીયા અને છરી જેવા હથિયાર હતા તે હકીકત સ્પષ્ટ સાબીત કરે છે કે આરોપીઓની હુમલો કરવાની તૈયારી હતી, આરોપીઓનો હુમલો કરવાનો ઈરાદો હતો અને આરોપીઓએ ફરિયાદી કાંતાબેન પર તેના ઘરમાં હુમલો કરીને ઈજા પહોંચાડેલી. તેથી આવી રીતે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૫૨ અને ૩૨૩ મુજબના તમામ આવશ્યક તત્વો પુર્ણ થતા હોય તેવો સચોટ પુરાવો ફરિયાદપક્ષે એકમાત્ર ઈજા પામનાર ફરિયાદી કાંતાબેન મારફતે રજુ કરેલ છે.

<u>**ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨)**</u>

**(૧૦)** ફરિયાદી કાંતાબેને પોતાના પુરાવામાં ઘરના દરવાજાને પથ્થર મારીને, લાદી અને કબાટ તોડેલ તેવી હકીકત સ્પષ્ટ જણાવી છે. તપાસ કરનાર અધિકારીએ પણ પોતાના આંક–૯૯ વાળા મૌખિક પુરાવામાં દરવાજાને નુકશાન કરેલ તે હકીકતને સમર્થન આપેલ છે અને તે હકીકત આંક–૧૦૦ વાળા પંચનામામાં પણ નોંધાયેલી છે અને ઘરમાં પથ્થરાઓ હતા તે હકીકત પણ આ પંચનામામાં

નોંધાયેલી છે તેથી પંચો હોસ્ટાઈલ થયા હોય તો પણ ફરિયાદીએ પોતાના મૌખિક પુરાવામાં આવી હકીકતો જણાવી હોય અને તે હકીકતો બનાવ બાદની તુરંત આપેલી ફરિયાદમાં પણ જણાવી હોય અને તેને તપાસ કરનાર અધિકારીએ પણ સમર્થન આપેલ હોય ત્યારે તથા તેમાં શંકા થાય તેવી કોઈ હકીકત ફરિયાદીની અને તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસમાં નોંધાયેલ નહી હોય ત્યારે આ હકીકત સ્પષ્ટ સાબીત થાય છે. આવી રીતે આરોપીઓએ ફરિયાદી કાંતાબેનની મિલ્કતને નુકશાન કરેલ હોય કલમ–૪૨૫ મુજબ મિસ્ચીફ કરેલ છે પરંતુ આવી મિસ્ચીફ પચાસ રૂપિયા કે તેનાથી વધુની હતી તે અંગેનો પુરાવો નહી હોય આરોપીઓને ૪૨૭ ના બદલે ૪૨૬ હેઠળ સજા થાય તેવું કૃત્ય કરેલાનું નિઃશંક સાબીત થાય છે.

કાંતાબેને પોતાની આંક–૬૦ વાળી ફરિયાદમાં શામજીભાઈએ તેની ગરદન ઉપર છરી રાખેલી અને આરોપી શામજીભાઈએ ફરિયાદી કાંતાબેનને તારા ઘરવાળાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી તેવી હકીકત જણાવેલી છે પરંતુ પોતાના મૌખિક પુરાવામાં કયા આરોપીએ કેવા શબ્દોમાં ગાળો આપેલી અને ધમકી આપેલી તે હકીકત અંગે ચોકકસ પુરાવો રજુ કરેલ નથી તેથી તે ગુના અંગે પુરતો પુરાવો રજુ નહી હોય ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૫૦૪ અને ૫૦૬(૨) મુજબના આવશ્યક તત્વો પુર્ણ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

**<u>હથિયારબંધીના જાહેરનામાનો ભંગ</u>**

**(૧૧)** ગુજરાત પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબના તહોમત માટે ફરિયાદપક્ષે જીલ્લા મેજીસ્ટ્રેટનું સબંધીત જાહેરનામું અમલમાં હતુ, તે જાહેરનામાનો આરોપીઓએ ભંગ કરેલો અને તેની સતા અને મંજુરી મેળવી આ ફરિયાદ કરેલી તેવો પુરાવો રજુ કરવો જોઈએ.

બનાવ વખતે જાહેરનામું અમલમાં હતું તેવો જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ના આવા જાહેરનામાના ભંગ બદલ જરૂરી પરવાનગી મેળવી અને અધિકૃત સતાથી આ ફરિયાદ કરી હોય તેવા પણ કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવા રજુ નથી. તેથી આ સદર કલમ હેઠળનું તહોમત પુરવાર કરવામાં પ્રોસીકયુશન સફળ થતું નથી.

**<u>કન્કલુઝન</u>**

**(૧૨)** આમ, પ્રોસીકયુશન દ્વારા ઈજા પામનાર અને ફરિયાદીના પુરાવાના આધારે ત્રણેય આરોપીઓએ ફરિયાદી કાંતાબેન તેના ઘરે હોય ત્યારે હુમલો કરી ઈજા પહોંચાડી, મિલ્કતને નુકશાન કરેલ તેવી હકીકતનો શંકારહિત, વિશ્વાસપાત્ર અને આધારભૂત પુરાવો રજુ કરેલ હોય અને તે રીતે પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ હોય મુદ્દા નંબર-૧ નો જવાબ અંશતઃહકારમાં આપી નીચે મુજબનો આદેશ પસાર કરવામાં આવે છે.

**<u>-:: આદેશ ::-</u>**

**(૧)** આ કામના આરોપી નંબર (૧) શામજી ઉર્ફે શામો ગોવિંદભાઈ ચુડાસમા, (૨) શાંતિભાઈ પોલાભાઈ ચુડાસમા, (૩) નરેશભાઈ નાથાભાઈ મકવાણા, રહે. ઉપરોકત તમામ-પ્રભાસપાટણ, આંબેડકરનગર, તા.વેરાવળ, જી. ગીર સોમનાથ વાળાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૫૨, ૩૨૩, ૪૨૭,૧૧૪ હેઠળના ગુનામાં ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૪ ની કલમ-૨૪૮(૨) હેઠળ દોષિત ઠરાવવામાં આવે છે. અને અન્ય ગુના તે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૯૫૧ ની કલમ-

૧૩૫ હેઠળના ગુનામાં ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૪ ની કલમ–૨૪૮(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

**(૨)** આ વોરંટ ટ્રાયેબલ કેસ હોય આરોપીઓને સજાના પ્રમાણ અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

તા.૦૬ / ૦૮ /૨૦૨૬
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

**<u>સજાના પ્રમાણ અંગે</u>**

(૧૩) આ કામે આરોપીઓને સજાના પ્રમાણ અંગે સાંભળતા, આરોપી શામજીભાઈની રજુઆત છે કે તેઓ યુવાન છે, ગરીબ છે, ટ્રાયલમાં સતત હાજર રહયા છે, સામાન્ય વર્ગના અને પરીવારની જવાબદારી વાળા વ્યકિત છે, કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. આરોપી શાંતીભાઈની રજુઆત છે કે તેઓ ગરીબ અને પરીવારની જવાબદારી વાળા ગુનાહીત ઈતિહાસ વગરના વ્યકિત છે, આરોપી નરેશભાઈ આ આરોપીઓની રજુઆત એડોપ્ટ કરે છે.

(૧૪) સજાના પ્રમાણ અંગેની રજુઆતો ગંભીરતા પુર્વક વિચારણામાં લીધી. કોડમાં જણાવેલી સજાની જોગવાઈઓ પણ વિચારણામાં લીધી. ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૫૨ માં સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. તે રીતે દરેક ગુનાની સજા, ગુનાની ગંભીરતા, થયેલી ઈજા, ગુનાના સંજોગો, ફરિયાદી તથા આરોપીઓના બનાવ સમયના, તેની પહેલાના અને પછીના સંજોગો તથા વર્તન, કાયદામાં જણાવેલી સજાની જોગવાઈઓ, સમાજ પર થતી અસર, ગુનાનો પ્રકારને ધ્યાને લઈને કરવી જરૂરી છે. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૦ વંચાણે લેતા હાલના ગુનામાં ૭ (સાત) વર્ષની સજા નહી હોય અને પ્રોબેશન ઉપર છોડી શકાય તેવી જોગવાઈ છે. તેથી આ તમામ બાબતો, રજુઆત આધારે મુદ્દા નંબર–૧ ની સાથે મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામાં આવે છે.

**<u>–:: આખરી આદેશ ::–</u>**

(૧) આ કામના આ કામના આરોપી નંબર (૧) શામજી ઉર્ફે શામો ગોવિંદભાઈ ચુડાસમા, (૨) શાંતિભાઈ પોલાભાઈ ચુડાસમા, (૩) નરેશભાઈ નાથાભાઈ મકવાણા, રહે. ઉપરોકત તમામ– પ્રભાસપાટણ, આંબેડકરનગર, તા.વેરાવળ, જી.ગીર સોમનાથવાળાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–

૪૫૨, ૩૨૩, ૪૨૭, ૧૧૪ હેઠળ સંયુકત રીતે પ્રત્યેક આરોપીને રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) દંડ અને પ્રત્યેક આરોપીને ૩ (ત્રણ) વર્ષની સાદી કેદની સજા અને દંડ ભરે નહી તો વધુ ૩ (ત્રણ) મહીનાની સાદી કેદની સજા ભોગવવાનો આદેશ કરવામાં આવે છે.

પરંતુ આ તબકકે ડાયરેકટ કેદની સજા કરવાના બદલે તક આપવા માટે આરોપીઓને સારા વર્તન રાખવાની શરતે તમામ આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ-૩૬૦ હેઠળ પ્રોબેશનનો લાભ આપી ત્રણ વર્ષ સારૂ વર્તન રાખવાની શરતે હાલ મુકત કરવામાં આવે છે અને તે માટે પ્રત્યેક આરોપીએ આવા ત્રણ વર્ષ માટેના રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરાના) સધ્ધર જામીન રજૂ કરવા. અને આ ત્રણ વર્ષના ગાળામાં શરતભંગ થયે અદાલત સમક્ષ સદર કરેલી સજા ભોગવવા હાજર રહેવાનું છે. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે અપીલ નહી કરવાના કિસ્સામાં આરોપીઓએ સદર દંડ તુરંત ભરપાઈ કરવાનો રહેશે. અને પ્રોબેશનનો લાભ દંડ ભરવા માટે મળશે નહી.

**(૨)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૪ ની કલમ-૪૧૮ હેઠળનું નિયત ફોર્મ નંબર-૩૪ મુજબનું સજા વોરંટ ભરવું.

**(૪)** આરોપીઓએ હાલના કેસમાં ગુનાના કામે કે ટ્રાયલ દરમ્યાન જે સમય જયુડીશ્યલ કસ્ટડીમાં ગાળેલ હોય તે સમય ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ-૪૨૮ હેઠળ સજામાં (ભોગવવાની થાય તો) મજરે (બાદ) આપવો.

**(૫)** આરોપીઓને આ ચુકાદાની એક નકલ તુરંત ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૩૬૩(૧) હેઠળ વિના મુલ્યે પાડવી.

(૬) આ ચુકાદાની એક નકલ જરૂરી કાર્યવાહી થવા ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રી, જીલ્લો ગીર સોમનાથને મોકલવી.

હુકમ આજ તારીખ ૦૬, ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૬ / ૦૮ /૨૦૨૬
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)